**મળ્યા તારીખ – ૨૩/૦૩/૨૦૨૬**
**નોંધ્યા તારીખ– ૨૩/૦૩/૨૦૨૬**
**ફેંસલ તારીખ – ૦૯/૦૬/૨૦૨૬**
**સમયગાળો – વર્ષ –માસ –દિવસ**
**– –**

મોડાસાના મહે. નામદાર એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. એસ. આર. શર્મા સાહેબશ્રીની કોર્ટમાં,
મું. મોડાસા.જીલ્લો : અરવલ્લી.

**ક્રિમીનલ કેસ નંબર–૧૦૪૩/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી** : સોનલબેન વિકાસભાઈ છારા,
રહે. છારાનગર, મોડાસા તા.મોડાસા
જી.અરવલ્લી

**ગુન્હો:–** ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ (એ),(એ) મુજબ..

ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી એસ.આર.પટેલ.
આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એ.જી.ધોરી.

**//જજમેન્ટ//**

૧.. ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ કલાક.૦૮/૩૦ વાગે મોજે છારાનગર ગામની સીમમાં તે એવી રીતે કે, આ કામના આરોપીબહેન નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ

પરમીટે અને ગેરકાયદેસર રીતે પોતાના ભોગવટાના રહેણાંક ઘરના ચોપાડમાં એક પ્લાસ્ટિકના કેનમાં દેશી દારૂ લીટર–૦૫ કિમત રૂ.૧ ૦૦૦/– નો રાખી પોલીસની રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી પકડાઈ જઈ , ગુન્હો કર્યા શિક્ષાનેપાત્ર ગુનો કરેલો છે તે મુજબનું તહોમત મુકી, ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે ટીંટોઈ પોલીસ મથકે ફરીયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર કરેલો અને તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ધી પ્રોહી. એકટની કલમ : ૬૫ (એ), (એ) મુજબના ગુના સબબનુ ચાર્જશીટ ના.કોર્ટ સમક્ષ રજુ કરેલુ છે.

૨.. ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ,ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ છે.તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધલ તથા જરૂરી કાર્યવાહીના અંતે તેઓના મંતવ્ય મુજબ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોઈ અધિક જયું.મેજી.ફ.ક.સાહેબની અદાલતમાં ચાર્જશીટ કરેલ.જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રજુ કરેલ.

૩.. ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલ જેથી આરોપી હાજર થતાં જેઓની ક્રિ. પ્રો. કો.ની કલમ ૨૦૭ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરીપાડવામાં આવેલ અને ગુના વિશે સમજ કરી, આંક:૫ થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આંક:૬ થી નિવેદન નોંધતા ગુન્હો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૩.. આ કામમાં ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

રજુ કરવામાં આવેલ છે.

| <u>**મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:–**</u> | <u>**આંક**</u> |
|---|---|
| (૧) દિપાજી માવતાજી ચૌહાણ – પંચસાહેદ | ૦૮ |
| (૨) પંચનામું | ૦૯ |
| (૩) રોકીકુમાર ભરતભાઈ છારા– પંચસાહેદ | ૧૦ |

૫.. ઉપરોકત પુરાવા બાદ આ કામે તપાસેલા સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય જેથી બાકીના સાહેદોને તપાસવાથી કેસના ગુણદોષ ઉપર ફરક પડે તેમ ન હોય તેમજ <u>સતીષ મહેરા દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ (ક્રાઈમ્સ) ૧૯૯૬ (૩) એસ.સી.પાના નં. ૮૫</u> ના ચુકાદામાં નામદાર કોર્ટે ઠરાવેલ છે. જયારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવા યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતો ન હોય તો તેવા સંજોગોમાં કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી) સમય અને નાણાંનો વ્યય ન થાય તેથી આગળ પુરાવો લેવો જોઈએ નહી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો વ્યાજબી અને યોગ્ય જણાઈ આવતો ન હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૬.. ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીનો ક્રિ.પ્રો. કોડની કલમ: ૩૧૩ મુજબનુ વધારાનુ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોઈ વધારાનું નીવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષના વિ. વકીલશ્રી ઓની દલીલો સાંભળવામાં આવી.

૭.. ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે

આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ કલાક.૦૮/૩૦ વાગે મોજે છારાનગર ગામની સીમમાં તે એવી રીતે કે, આ કામના આરોપીબહેન નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે અને ગેરકાયદેસર રીતે પોતાના ભોગવટાના રહેણાંક ઘરના ચોપાડમાં એક પ્લાસ્ટિકના કેનમાં દેશી દારૂ લીટર–૦૫ કિમત રૂ.૧ ૦૦૦/– નો રાખી પોલીસની રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી પકડાઈ જઈ , ગુન્હો કર્યા શિક્ષાનેપાત્ર ગુનો કરેલો છે તે મુજબનું તહોમત મુકી, ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે ટીંટોઈ પોલીસ મથકે ફરીયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર કરેલો અને તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ધી પ્રોહી. એકટની કલમ : ૬૫ (એ), (એ) મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

૨) શું હુકમ ?

૮.. ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

## // નિ ર્ણ યો //

૧) મુદ્દા નંબર–૧: નકારમાં,
૨) મુદ્દા નંબર –૨: આખરી હુકમ મુજબ.

## // નિ ર્ણ ય અંગેના કારણો //

૯.. આ કામે આરોપી વિરુધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૧૦.. સદર કામે અનુક્રમે આંક:૦૮ થી પંચસાહેદ : દિપાજી માવતાજી ચૌહાણને તથા આંક:૧૦ થી પંચસાહેદ : રોકીકુમાર ભરતભાઈ છારાને તપાસવામાં આવેલ છે.સદર પંચસાહેદોએ તેમની જુબાની દરમિયાન આંક : ૦૯ નાં મુદામાલ રીકવર પંચનામુ રજુ રાખેલ છે.પરંતુ પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચ સાહેદો સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી સુચકો સવાલો પુછતાં તેમાં પણ સદર પંચ સાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ, સદર પંચસાહેદોની જુબાની તથા આંક:૦૯ થી મુદ્દામાલ રીકવરી પંચનામા ઉપર આધાર રાખી શકાય તેમ નથી અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

૧૧.. આ સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદપક્ષ ધ્વારા ઉપરોકત સાહેદ પુરાવા રજુ કરવામાં આવેલ છે. તે સમગ્ર પુરાવઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈપણ સ્વતંત્ર સાહેદોના નીવેદનો મળેલ નથી.આમ,ફરીયાદપક્ષે તપાસવામાં

મહત્વપૂર્ણ ખામી રહેલી છે.તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે.તે આરોપીનીજ માલીકી હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. ચાર્જશીટના કાગળો જોતાં આરોપીની પાસેથી મુદ્દામાલ કબજે કર્યા અં ગે કોઈ રસીદ આપવામાં આવેલ હોય તેવું પણ જણાતુ નથી કે તે અં ગે ફરીયાદ પક્ષ ધ્વારા કોઈ પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી.આમ, ફરીયાદપક્ષના કેસમાં અનેકવિધ ત્રુટીઓ રહેલી છે.

૧૨.. સદર કામે ફરીયાદપક્ષે તપાસેલા પંચ સાહેદો ધ્વારા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવામાં આવેલ છે. પંરતુ પંચસાહેદો ધ્વારા પં ચનામાની તમામ હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે.સ્ટેટઓફ મહારાષ્ટ્ર વિ.ઓનકાર મનીફ પાટીલ (૧૯૭૯ કિ.લો.રી.મહારાષ્ટ્ર ૪૨૧ ) માં સ્થાપિત કરવામાં આવેલ છે. કે, જયારે પંચસાહેદો ધ્વારા પં ચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ કર્મચારીની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

૧૩.. વધુમાં માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૧ જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી–પાના નં. ૨૨૭૬૯૮ માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ" જો પંચસાહેદ ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવમાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય."

૧૪.. સદર કામે ફીરયાદપક્ષનો કેસ જોતાં સદર કામે મુદ્દામાલ મકાનમાંથી કબજે કરેલ છે. ત્યારે આ મકાન આરોપીનું છે. અથવા તેના કબજામાં આવેલ છે તે બાબતે કોઈ જ પુરાવો ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલ નથી. ધી સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ.વિશ્વનાથ નામદેવ ૧૯૭૭ ક્રિ.લો.જ–એમ.એચ.પાના નં. ૪૨૨ માં ઠરાવેલ સિધ્ધાંત મુજબ " ફરીયાદપક્ષ સાબીત કરી ન શકયો હોય કે મકાન આરોપીનું હતુ તેમજ મકાન આરોપીના રચનાત્મક કબજામાં હોય, આરોપી શંકાના લાભ માટે હકદાર છે."

૧૫.. વધુમા ફરીયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે. તે પંચનામાની વિગતોને લ ેશમાત્ર સમર્થન આપતાં ન હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.તે સંજોગોમાં જે મુદ્દમાલ મળેલ છે. તે આરોપીના મકાનમાંથી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ.આઈ.આ.૧૯૬૦ ગુજ.૨૪ ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે,"Wher the presence of the panchas is obligatroy at the time of search the evidence of the police officer conducting the search must ordinarily be corroborated and that if there is no surch corroboration ,ordinarily , a conclusion shold not rest solely on the uncorroborated testimony of the police officer who conducted the search " the corroboration that would justify a conviction in cases where it is obligatory to make a

search in the presence of panchas is usually the evidence of the panchs at any rate the corroboration must be from a source independent of the police officer who made the search “

૧૬.. આમ,ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ઘ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતુ નથી.તે સંજોગોમાં આરોપીને પ્રોહીબીશનન ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી અને તે મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેના કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદ્દા નં.૧ નો જવાર “ નકારમાં “ આપી મુદા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો 'આખરી હુકમ' કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી : સોનલબેન વિકાસભાઈ છારા,ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૪૮ (૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એ), (એ) મુજબના ગુન્હામાંથી શં કાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ–૪૩૭(ક) મુજબ આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના

જામીન તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કરવા.

ચુકાદો આજરોજ તારીખ : ૯ મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી ,મારી સહી કરી જાહેર કર્યો.

તા.૯/૦૬/૨૬
મુ.મોડાસા

(સુરભી શર્મા)
અધિક જ્યુડી.મેજી.ફ.ક.
મોડાસા.
કોડનં.જી.જે.૦૧૫૭૧

એ.એન.પી..